ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૪ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૩ ટકા

# શહેરના બજારોમાં કેરીની ભરપૂર આવક

## કેરીના ભાવમાં પણ ઘટાડો : બદામ કેરીની ખરીદી સૌથી વધારે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં કેરીની આવકમાં વધારો થયો છે. શહેરીજનોને મે માસના અંતમાં સારી ગુણવત્તાવાળી અને ભાવમાં સસ્તી કેરી મળી રહી છે. શહેરમાં ઠેક ઠેકાણે કેરીઓના ઢગલા જોવા મળી રહ્યા છે. આથી શહેરીજનો માર્કેટમાં કેરીની ખરીદી કરવા લાગ્યા છે. માર્કેટમાં કેરીની ઓછી આવક અને ભાવ વધારાના કારણે ખરીદીનો માહોલ બન્યો નહોતો જે હાલમાં કેરીની ખરીદી ઓન ડિમાન્ડ ચાલી રહી છે. કેરીના ભાવ ૧૨૦૦ રૂપિયાથી ૧૫૦૦ રૂપિયા પેટીના ચાલતા હતા જે ઘટીને ૯૦૦ થી ૯૫૦ રૂપિયા પર પેટી ભાવ ચાલી રહ્યો છે. અસલી તરોતાજો કેરીઓની મોસમ તો જાણે હવે જ શરૂ થઈ હોય એમ માહોલ વર્તાય છે.




શહેરના બજારોમાં કેસર કેરી, હાફુસ કેરી, બદામ કેરી, દેશી કેરી ઓન ડિમાન્ડમાં છે. સામાન્ય રીતે માર્ચથી ૩૧ જુલાઈ સુધી કેરીની આવક રહેતી હોય છે. જૂન-જુલાઈમાં ઉત્તરપ્રદેશથી લંગડો, દશેરી, ચોસર જાતની કેરીની આવક મોટાપાયે થતી હોય છે. આમ ગાંધીનગરવાસીઓને સળંગ પાચ માસ સુધી વિવિધ જાતની કેરીઓનો સ્વાદ ચાખવા મળતો હોય છે.

**ગાંધીનગરમાં કેરીના હાલના ભાવ**

| કેરી | ભાવ |
|---|---|
| કેસર કેરી | ૧૫૦ થી ૧૮૦ રૂ. |
| બદામ કેરી | ૮૦ થી ૧૦૦ રૂ. |
| તોતાપુરી કેરી | ૮૦ થી ૧૦૦ રૂ. |
| હાફૂસ કેરી | ૨૦૦ રૂ. |
| સુંદરી કેરી | ૧૨૦ રૂ. |
| કેસર કેરીની પેટી | ૯૦૦ થી ૧૪૦૦ રૂ. |
| હાફુસ કેરીની પેટી | ૫૦૦ થી ૭૦૦ રૂ. |

શહેરીજનો ઉનાળાની આ ગરમીમાં કેરીનો રસ એ રોટલીની મજા માણવા માટે કેરીની ખરીદી વધી રહી છે. શહેરીજનો મોંઘવારીના માર વચ્ચે સ્વાદિષ્ટ કેરીઓની ખરીદી કરવા ઉમટી રહ્યા છે. સેક્ટરે સેક્ટરે લારીઓમાં કેરીઓનું વેચાણ શરૂ થઈ ગયું છે. કેરીઓને જોતા જ ખરીદી કરવાનો ઈરાદો થાય તેવી આકર્ષક કેરીઓનું બજારમાં આગમન થઈ ચૂક્યુ છે. શહેરમાં સચિવાલયની આસપાસ કેરીની અઢળક ખરીદી થઈ રહી છે. આ સાથે ફળોના બજારોમાં ગયા માસ કરતા બમણી ખરીદી કરવામાં આવી રહી છે. જેમાં તમામ પ્રકારની કેરીઓમાંથી બદામ કેરીની ડિમાન્ડ વધારે છે. શહેરીજનો સૌથી વધુ ખરીદી બદામ કેરીની કરી રહ્યા છે.

# સુઘડ ખાતે ૨૬મીએ મનપા દ્વારા કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે

## આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડી.ડી.ફ્રી ડીશ, ડી.ટી.એચ સર્વિસ અને યુ-ટયુબમાં પણ થશે : વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નના ઉત્તર તજજ્ઞો દ્વારા અપાશે

ગાંધીનગર, તા.૨૪

રાજય સરકાર દ્વારા ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન આપવા અને તેમના સુવર્ણ ભવિષ્ય માટે કારકિર્દીની પસંદગીમાં મદદરૂપ થવાના ઉમદા આશયથી ગાંધીનગર સહિત રાજયની આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં કારકિર્દી માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાનાર છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આ કાર્યક્રમ આગામી તા. ૨૬મી મે, ૨૦૨૨ના રોજ સુઘડ ખાતે યોજાશે.

આ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કાર્યક્રમની વિસ્તૃત વિગતો આપતાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વાઢરે જણાવ્યું હતું કે, ગાંધીનગર સહિત રાજયની આઠ મહાનગરપાલિકામાં આ કાર્યક્રમ યોજાશે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ સુઘડ ગામની આનંદ નિકેતન શાળામાં આ કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં ધોરણ- ૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં ૫૦ શાળાના અંદાજિત ૫૦૦ થી ૬૦૦ વિદ્યાર્થીઓ સહભાગી બનશે.

તેમણે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ તા. ૨૬મી, મે ૨૦૨૨ ના રોજ સવારના ૧૦.૦૦ થી ૧૧.૫૦ કલાક દરમ્યાન યોજાશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વિષય તજજ્ઞ દ્વારા ઓનલાઈન અને ઓફ લાઈન માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં નિયામક રોજગાર અને તાલીમની કચેરી, નિયામક, ટેકનિકલ શિક્ષણની કચેરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણની કચેરી અને કૃષિ અને પશુપાલન વિભાગના તજજ્ઞો જરૂરી માહિતી આપશે. તેમજ વિદ્યાર્થીઓ પોતાને મૂઝંવતા વિવિધ પ્રશ્નો પણ તજજ્ઞોને કરી શકે તે માટેની પણ સુવિધા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વિશેષ માહિતી આપવા માટે સાહિત્યનું વિતરણ કરવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ ઓનલાઈન બાયસેગ દ્વારા કરવામાં આવશે. આ પ્રસારણ ડી.ડી.ફ્રી ડીશ, ડી.ટી.એચ સર્વિસ અને યુટયુબમાં પણ જીવંત પ્રસારણ વિદ્યાર્થીઓ નિહાળી શકે તેવી સુવિધા કરવામાં આવી છે.

આ ઉમદા કાર્યક્રમથી અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ સહભાગી બની શકે તે માટે તાલુકા કક્ષાએ પણ તા. ૧ થી તા. ૬મી જૂન દરમ્યાન યોજાશે. ગાંધીનગર જિલ્લામાં આ કાર્યક્રમ તા. ૬ જૂન, ૨૦૨૨ ના રોજ કલોલ અને માણસા ખાતે આ કાર્યક્રમ યોજાશે. કલોલમાં પી.જે.વખારિયા હાઈસ્કુલ ખાતે અને દહેગામમાં સાંદીપની ગુરૂકુળ વિધાલય ખાતે યોજાશે. કલોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ૩૦ શાળાના અંદાજિત ૩૦૦ થી ૪૦૦ વિદ્યાર્થીઓ સહભાગી થશે. તેમજ દહેગામ ખાતે યોજાનાર કાર્યક્રમમાં પણ ૩૦ શાળાના અંદાજિત ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાશે. તેમજ તા. ૪ જૂન, ૨૦૨૨ ના રોજ માણસાની શ્રી એસ.એમ. અને એમ એમ. ચૌધરી વિધાલય ખાતે યોજાશે. જેમાં પણ ૩૦ શાળાના અંદાજિત ૩૦૦ થી ૪૦૦ વિદ્યાર્થીઓ સહભાગી બનશે. આ તમામ કાર્યક્રમો સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન યોજાશે.

આ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે મળેલી બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ સહિત વિવિધ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




તાજેતરમાં સેકટર-૨૧, ફિઝિયો વર્લ્ડ ગાંધીનગર ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન, યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ અને મિલાપ ટાટારિઆ દ્વારા સ્વ-રક્ષણ વર્કશોપ ૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ડૉ. નિધિ લેકિનવાલા વિશેષ હાજર રહ્યા હતાં તથા સ્વ-રક્ષણ વર્કશોપમાં દરેક તાલીમાર્થીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું સાથે યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ તથા ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થા તથા સંસ્થાના સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા ડૉ. નિધિ લેકિનવાલાને આભાર વ્યક્ત કરતો પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અનેક મુદ્દાઓને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## વૈદેહી એલીગન્સ, ન્યુ વાવોલમાં રહીશો દ્વારા સફાઈ અભિયાન




ગાંધીનગર, તા.૨૪

વૈદેહી એલીગન્સ, ન્યુ વાવોલમાં રહીશો દ્વારા આસપાસ વિસ્તારમાંથી પ્લાસ્ટિક અને અન્ય ઘન કચરો એકઠો કરીને સાફ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પ્રકાશભાઈ ચૌહાણ, ગોપાલભાઈ એમ.ચૌહાણ, સત્યજીતસિંહ બાપુ, લવકશ કુમાર દ્વારા સોસાયટીની આસપાસ સફાઈ અભિયાન કરવામાં આવ્યું હતું અને રવિવારની રજાનો સદુપયોગ કરવામાં આવ્યો હતો.



ગાંધીનગરમાં નીલગાયની અવરજવર નવાઈની વાત નથી. શહેરમાં અવારનવાર નીલગાય ફરતી જોવા મળી જાય છે અને શહેરીજનોના ઘર આગળ ગાયની જેમ ફરતી જોવા મળે છે. આજ નીલગાયને લીધે અકસ્માત પણ ઘણી વાર સર્જાય છે ત્યારે જિલ્લા પંચાયત સર્કલ નજીક જ ઉભી રહી ગયેલી નીલગાય જાણે ટ્રાફિક પોલીસનો રોલ નિભાવી રહી હોય તેવું લાગી રહ્યું છે.

## શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા વ્યસનમુકિત અભિયાન





ગાંધીનગર, તા.૨૪

શ્રી કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત-ગુજરાતની પ્રખ્યાત આઈએએસ-આઈપીએસ એકેડેમી - ગાંધીનગર ખાતે બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા- અક્ષરધામ, ગાંધીનગરથી પૂજ્ય ઉત્તમ સ્વરૂપ સ્વામીજી અને પૂજ્ય દિવ્ય સંકલ્પ સ્વામીજી સંતોએ બાળમંડળના બાળકો સાથે પધારીને પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી ઉપક્રમે વ્યસનમુક્તિ અભિયાનનું ખૂબ જ સુંદર આયોજન કરેલું હતું. તે અન્વયે બી.એ.પી.એસ સંસ્થાનો પરિચય, રૂક જાઓ અભી દેર નહીં હુઈ-વિડિયો દર્શન, શેરી નાટક, સંત પ્રવચન અને વર્તમાન અને ભવિષ્યમાં વ્યસનમુકત જીવન જીવવાના સામુહિક સંકલ્પ કાર્યક્રમ યોજાયો હતો. એકેડેમીના વિદ્યાર્થીઓ - ભાવિ અધિકારીઓ એ ખૂબ જ રસપૂર્વક સમગ્ર કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અંતે પૂજ્ય મહંત સ્વામીજી મહારાજ રચિત અદ્ભુત પથદર્શક ગ્રંથ- સત્સંગ દીક્ષા ગ્રંથ ને દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને જીવન ઘડતરની પ્રેરણા મળે અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો તેમના જીવનમાં આત્મસાત થાય તે શુભ ભાવનાથી આપવામાં આવ્યો હતો.

# ખેલમહાકુંભ બાસ્કેટબોલમાં દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરનો દબદબો યથાવત





ગાંધીનગર, તા.૨૪

ખેલ મહાકુંભ બાસ્કેટબોલની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ ડીપીએસ ગાંધીનગરની વિવિધ વયજૂથની ટીમોએ કુલ ૧,૯૨,૦૦૦ની ધનરાશિ પ્રાપ્ત કરીને સમગ્ર જિલ્લામાં પોતાનો ડંકો વગાડ્યો હતો.

ત્યારબાદ સેન્ટ્રલ ઝોન બાસ્કેટબોલ ખેલ મહાકુંભ ટુર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લાની ટીમે ફાઈનલ મેચમાં અમદાવાદ જિલ્લાની ટીમને ૮૭-૬૬થી કારમી હાર આપીને મધ્ય ઝોનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

સેન્ટ્રલ ઝોનની ગાંધીનગર જિલ્લાની ટીમમાં દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરના સૌથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ડીપીએસ ગાંધીનગરની બાસ્કેટબોલ ટીમની આ જ્વલંત સફળતા પાછળ ટીમના કોચ શ્રી ગજેન્દ્રસિંહનો સિંહફાળો રહ્યો છે. ખેલાડીઓ અને કોચના પ્રયત્નો શાળાના આચાર્યા મંજુસિંહે બિરદાવ્યો હતો.

## નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટીના એસીએફઈ સાથે એમઓયુ

ગાંધીનગર, તા.૨૪


એસોસિએશન ઓફ સર્ટિફાઈડ ફ્રોડ એકઝામિનર્સ (ACFE), ઈન્ડિયા ચેપ્ટર-નવી દિલ્હી દ્વારા શૈક્ષણિક-સંશોધન પ્રવૃત્તિઓના પ્રોત્સાહન માટે ૨૪મી મે, ૨૦૨૨ના રોજ નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર સાથે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા. ડૉ. જે. એમ. વ્યાસ, કુલપતિ, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરની ઉપસ્થિતિમાં પ્રો. (ડૉ.) પૂર્વી પોખરિયાલ, કેમ્પસ ડાયરેક્ટર, NFSU અને સુરિન્દર કુમાર બંસલ, કાર્યકારી પ્રમુખ, ACFE-ઈન્ડિયા ચેપ્ટર, નવી દિલ્હી દ્વારા સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.




પ્રો. (ડૉ.) પૂર્વી પોખરીયાલ, કેમ્પસ ડાયરેક્ટર, NFSUએ નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓ તથા શૈક્ષણિક, તાલીમ, સંશોધન અને કન્સલ્ટન્સી સહિતની ક્ષમતાઓ અંગેની માહિતી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ સમજૂતી કરાર હેઠળ બંને સંસ્થાઓ સાથે મળીને સંશોધન પ્રવૃત્તિઓ ઉપરાંત સંયુકત પ્રમાણપત્ર, ડિપ્લોમા, ડિગ્રી અથવા ડ્યુઅલ ડિગ્રી પ્રોગ્રામ્સ સહિત ડોક્ટરલ પ્રોગ્રામ્સના નિર્માણ માટે પણ કાર્ય કરશે. ઉપરાંત, સંયુક્ત રીતે પરિસંવાદ, કાર્યશાળા, પરિષદનું આયોજન પણ કરશે.

સુરિન્દર કુમાર બંસલ, કાર્યકારી પ્રમુખ, ACFE-ઈન્ડિયા ચેપ્ટર, નવી દિલ્હી એ વિશ્વની સૌપ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની શૈક્ષણિક, તાલીમ, કન્સલ્ટન્સી સહિતની વિવિધ પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. આ સમજૂતી કરાર દરમિયાન સી. ડી. જાડેજા, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર-NFSU અને ડૉ. હરેશ બારોટ, ડીન, સ્કૂલ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, NFSU પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



મોનિકા ઠક્કર
મો. ૭૯૯૦૪ ૮૬૨૧૯



રમેશભાઈ એસ. વાળંદ
મો. ૭૫૬૭૦ ૭૮૨૮૨



ડૉ. પરાગી ગાંધી
મો. ૯૮૨૫૫ ૬૩૯૯૦



રસીલાબેન કનુભાઈ પંચાલ
મો. ૯૫૧૨૨ ૫૩૨૫૧



હાર્દિક જે. દરજી
મો. ૯૭૧૨૯ ૪૨૦૩૮

## બહુજન મુકિત પાર્ટી દ્વારા ભારત બંધના એલાનને સમર્થન

ગાંધીનગર, તા. ૨૪

બહુજન મુકિત પાર્ટી, ગાંધીનગર દ્વારા ૨૫મીએ ભારત બંધને સફળ બનાવવા માટે સમર્થન જાહેર કરવામાં આવ્યું છે અને આ બંધમાં સહભાગી થઈ સંપૂર્ણ બંધ પાળવા ગાંધીનગર જિલ્લાની સમગ્ર જનતાને બહુજન મુકિત પાર્ટીના શહેર પ્રમુખ રાજીવ કે. પરીખ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ બંધ પાળવાના ઘણા બધા હેતુ છે જેમ કે ઓબીસી વસ્તી આધારિત જનગણના છેલ્લા વર્ષ ૧૯૩૧થી થઈ નથી, ચૂંટણીમાં ઈવીએમ કૌભાંડ વિરુધ્ધ-ચૂંટણીમાં મતદાનમાં ઈવીએમ દુર કરી બેલેટ પેપરથી ભારતમાં ચૂંટણી થવા બાબત, એસસી, એસટી, ઓબીસીને ખાનગી નોકરીઓ વસ્તીના ધોરણે અનામત આપવા બાબત, ૨૦૦૪ની જુની સરકારી કર્મચારી પેન્શન યોજના ભારતમાં લાગુ કરવા બાબત, વિકાસના નામે એસસી-એસટીની જમીન હડપ કરી જમીન કૌભાંડ બાબત, ભારતમાં કોરોના વેકિસન જબરન્દ ન આપવા બાબત, કોરોના સમયમાં શ્રમિક વિરુધ્ધ કાનુન બનાવેલ તેના વિરોધમાં ૨૫મીએ ભારતબંધનું એલાન કરવામાં આવશે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર વાઘાજી શકરાજી, ઉ.વ. ૫૬, ધોળાકુવા
- સ્વ. શુકલ વીણાબેન ગીરીશભાઈ, ઉ.વ. ૭૦, સેકટર-૨૬
- સ્વ. રબારી શાંતાબેન હરજીભાઈ, ઉ.વ. ૫૯, પેથાપુર
- સ્વ. ગુપ્તા દિપક, ઉ.વ. ૫૯, અડાલજ
- સ્વ. પારેખ જૈનીતાબેન જગદીશભાઈ, ઉ.વ. ૨૮, સેકટર-૨૨